## અરવલ્લી એસ.ઓ.જી.એ બંદુક સાથે એકને પકડયો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લા એસઓજી પી.આઈ. પી.ડી. દરજીની ટીમ મોડાસા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમીને આધારે ગેરકાયદેસર હથિયાર સાથે એક શખ્સને પકડી પાડવામાં આવ્યો છે. મોડાસા તાલુકાના આનંદપુરા કંપ ગામની સીમમાંથી મામદ ઈબ્રાહીમ નોડે (સિન્ધી)ને ગેરકાયદેસર મજર લોડ ફુલ્લીદાર બંદુક સાથે પકડી પાડવામાં આવ્યો છે.

## ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સનુ ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્માની ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સનો ધોરણ ૮ માં



અભ્યાસ કરતો મનન મહેતા તાલુકા ઝોનકક્ષાએ ક્વિઝમાં પસંદગી પામી અમદાવાદ ખાતે સ્પર્ધામાં ભાગ લેશે. શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના ટ્રસ્ટી ગોપાલભાઈ પટેલ, દિનેશભાઈ પટેલે વિદ્યાર્થી તથા કોચને અભિનંદન આપ્યા હતા.



વધતી જતી મોંઘવારીને લઈને અમદાવાદ ખાતે કોંગ્રેસ પાર્ટીના કાર્યકરોએ મોટી સંખ્યામાં લોકો સાથે મળીને ઉગ્ર દેખાવો કર્યા હતા.

# ખેડૂતોને સિંચાઈ માટે એક જ ભાવે વિજળી આપો : કોંગ્રેસ

### કિસાનોને મોંઘી ખેતી અને પોષણક્ષમ ભાવો મળતાં નહીં હોવાથી આર્થિક મુશ્કેલી દૂર કરવા ૬૦ વર્ષે માસિક પેન્શન આપવું જોઈએ : ડો. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં ભાજપ સરકારની કિસાન વિરોધી નીતિનાં કારણે ખેડૂતોને ખેતી-સિંચાઈ માટે જુદા જુદા ચાર ભાવથી મોંઘીદાટ વિજળી આપી ઉઘાડી લૂંટ ચલાવવામાં આવતી હોવાનું જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલે રાજ્યનાં તમામ ખેડૂતોને ખેતી માટે એક જ ભાવથી વિજળી આપી અન્યાય દૂર કરવાની માંગણી કરી છે. તેમણે પોષણક્ષમ ભાવો નહીં મળતાં આર્થિક ભીંસ અનુભવી રહેલાં ખેડૂતોનાં પરિવારોનાં જીવનિર્વાહ માટે ૬૦ વર્ષની ઉંમરવાળા દરેક ખેડૂતો અને ખેતમજૂરોને રૂપિયા ૫૦૦૦ જેટલું પેન્શન આપવા જણાવ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા હોર્સપાવર મોટર વાપરતાં અંદાજે ચાર લાખ ખેડૂતોને સિંચાઈ માટે હોર્સપાવર ટેરીફમાં બે ભાવથી વિજળી અપાય છે. જે દર બે મહિને સરેરાશ ૫૦ હોર્સપાવર માટે રૂ. ૮૦૦૦ જેટલું બિલ હોય છે. એ જ રીતે, ખેતી માટે મીટર વાપરતાં આશરે ૭ લાખ જેટલા ખેડૂતોને પણ મીટર ટેરીફમાં બે ભાવથી વિજળી અપાય છે. આ મીટરના ટેરીફમાં દર બે મહિને સરેરાશ ૧૦ થી ૧૧ હજાર જેટલું બિલ આવે છે. આમ, રાજ્યનાં ખેડૂતોને ખેતી-સિંચાઈ માટે ચાર ભાવથી અપાતી વિજળીમાં મીટરવાળી વીજળી ખૂબ જ મોંઘી પડે છે. પરિણામે પાક ઉત્પાદન પણ ઘણું મોંઘુ પડતું હોવાથી દરેક કિસાનોને એક જ ભાવે વીજળી આપવી જોઈએ. જેમાં હોર્સપાવર ટેરીફ પ્રમાણે પ્રતિ હોર્સપાવર ૨૦૦ રૂપિયા કે તેનાથી ઓછો ભાવ રાખવા તેમણે માંગણી કરી છે.

ગુજરાતનાં ૩૫ લાખ જેટલા ખેડૂતો ખેતી- સિંચાઈ માટે ૧૧.૫ લાખ જેટલાં વીજ જોડાણથી સંકળાયેલાં છે. આમ, આશરે ૧.૪૦ કરોડ કિસાન પરિવારજનોને સીધી અસર થતી હોવાથી સત્વરે રાહત જાહેર કરવી જોઈએ. આ ઉપરાંત કેનાલમાંથી સિંચાઈ માટે ડીઝલ મશીનથી પાણી ખેંચવામાં આવે છે. જેમાં ટ્રાન્સપોર્ટ અને વધારે ખર્ચ, પ્રદૂષણ સહિતની સમસ્યાઓ ઉદ્ભવે છે. જે ખેડૂતોને પોષાતું નહી હોવાથી કેનાલ પરનાં ખેડૂતોને પણ તાત્કાલીક અસરથી વીજ કનેકશન આપવા જોઈએ.

### ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

માગતા હો તો આપને મારે કશું કહેવાનું નથી. જેમ ઠીક લાગે તેમ કરો. પરંતુ એક દુઃખી મા નો કમજોર અવાજ કદાચ આપ પૈકીના એવા લોકો પર અસર કરે કે જેમનો અંતરાત્મા જાગતો હોય. મારી ફરજ છે કે જે વાત હું મારા પુત્રને કહેતી રહું છું : 'ભગવાની નજરમાં આપ સાચું કામ નથી કરી રહ્યા.'

મહાત્મા ગાંધી રાષ્ટ્રપિતાના ધર્મપત્ની કસ્તુરબાની આગવી ઓળખ માટેનું સંબોધન વાચકો પર છોડવાની રજા લઉં છું.

(સંદર્ભ : બા, બાપુ ઔર ભાઈ - લેખક - દેવદાસ ગાંધી, સસ્તુ સાહિત્ય મંડળ, પ્રકાશન, નવી દિલ્હી, ૧૯૪૦, આભાર : સીડનહામ ગ્રંથાલય, ગુજરાત કૉલેજ, અમદાવાદ)

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે)

# રાજયમાં ૨૫મીથી ખાદી સપ્તાહ ઉજવાશે

### પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી તથા મહાત્મા ગાંધીજીના જન્મદિન નિમિત્તે રાજય સરકારનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નૂતન ભારતના નિર્માણ ઉપરાંત મહાત્મા ગાંધીજી તથા દીનદયાળ ઉપાધ્યાયજીના ગ્રામોત્થાનના વિચારને મૂર્તિમંત કરી ભારતના ગ્રામિણ અર્થતંત્રને મજબૂત બનાવવા શિક્ષણ વિભાગે દેશના બે મહાન તત્વ ચિતકો શ્રી દીનદયાળ ઉપાધ્યાયનાં જન્મદિવસથી પૂ. મહાત્મા ગાંધીજીનાં જન્મ દિવસને જોડીને ખાદી ઉત્સવની ઉજવણીનો મહત્વનો નિર્ણય કર્યો છે. પંડીત દીનદયાળ ઉપાધ્યાયજીના જન્મદિવસ ૨૫, સપ્ટેમ્બર, ૨૦૧૭ થી મહાત્મા ગાંધીજીના જન્મદિવસ ૨, ઓકટોબર-૨૦૧૭ દરમિયાન ખાદી સપ્તાહ ઉજવવાનો નિર્ણય કર્યો છે. આ સંદર્ભમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષણ વિભાગ ઉપરાંત જે તે જિલ્લા વહીવટી તંત્રના વડાઓ, સંસદસભ્યો તથા ધારાસભ્યોને પત્ર લખીને આ સપ્તાહ દરમિયાન મહત્તમ પ્રમાણમાં ખાદીની ખરીદી કરી ગ્રામિણ અર્થતંત્રને મજબૂત બનાવવાની પ્રક્રિયામાં સહભાગી બનવા આહવાન કર્યું છે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, જયાં જયાં ખાદી ખરીદીનાં વેચાણ કેન્દ્રો નથી તે તાલુકા મથકો ઉપર અઠવાડિયા માટે હંગામી વેચાણ કેન્દ્રો ઉભા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આવા કેન્દ્રો ઉપર ૩૦ ટકા ડીસ્કાઉન્ટ પણ આપવામાં આવશે.

ચુડાસમાએ જણાવ્યું છે કે, પર્યાવરણની દ્રષ્ટિએ ખાદી વસ્ત્ર આપણને તમામ ઋતુઓમાં સાનુકૂળ રહે છે. આપણાં રોજિંદા પહેરવેશમાં ખાદીનો ઉપયોગ કરી ખાદી વણાટ સાથે સંકળાયેલ આપણા દેશબાંધવોને રોજગારીની મહત્તમ તક પૂરી પાડવાનો ઉમદા હેતુ રાજય સરકારનો છે ત્યારે આ સપ્તાહ દરમિયાન સામૂહિક ધોરણે ખાદીની ખરીદીથી આ હેતુ પણ પૂર્ણ થશે. ઉપરાંત ગ્રામિણ અર્થતંત્રની મજબૂતાઈનું એક વાતાવરણ પણ બનશે. ભારત સરકારના ખાદી એન્ડ વીલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશનરશ્રી આ સમયગાળામાં છેક તાલુકા સ્તરે તેમના સેલ કમ ડીસપ્લે સેન્ટર ઉપલબ્ધ કરે તે માટે અલગથી કાર્યવાહી થઈ રહી છે.

### ઘટાડો નોંધાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં કઠોળના પાકોમાં ત્રણ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર ઘટ્યુ છે. જેમાં અડદ અને મઠ, તેમજ મગના પાકમાં જ આટલો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં દહેગામ પંથકમાં આ વખતે મકાઈના પાકનું વાવેતર જોવા મળ્યુ છે. જે નોંધનીય બાબત છે. માણસામાં આ વખતે બાજરી, તુવેરનું વાવેતર જોવા મળ્યુ નથી એટલુ જ નહિ કઠોળના પાકમાં પણ ઘટાડો જોવા મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

### મંજૂરી આપી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સ્થાયી સમિતિએ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટની મરામત-જાળવણીની મેનપાવર સહિતની કામગીરીને પણ બહાલી આપી છે. આજની બેઠકમાં શહેરના વિવિધ સેક્ટરોના શોપીંગ સેન્ટરોમાં પેવર બ્લોકનું કામ તથા અગાઉના શોપીંગોમાં ખરાબ થયેલ પેવર બ્લોકનું કામ ટાઈલ્સ ઈન્ડિયા પાસે કરાવવાનું પણ નક્કી થયેલ છે.

સે. ૨૪ના ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર તેમજ સે. ૬ના અપના બજાર બાજુના શોપીંગ સેન્ટર વિસ્તાર પર સિમેન્ટ કોંક્રીટના પાકા પાર્કિંગ કરવાનો અંદાજ રૂ. ૬૬ લાખના ખર્ચને પણ મંજૂર કરવામાં આવેલ છે.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"કોઈ કોઈ ને છેતરવું નથી..! કોઈએ કોઈને છેતરવાની તાકાત પણ નથી..! પ્રજા ખુબ હોંશિયાર છે... કોઈના પ્રચારમાં ભરમાતી નથી ને ભરમાશે નહિં..."

"હં...અ...એ જ કહું છું... અને આપણે બન્ને એમજ કહીએ... કોઈ કોઈના મોટા અને ખોટા વચનોથી અંજાઈ ના જશો કે ભરમાઈ ના જશો..! સારા-નરસાનો ભેદ પારખજો... એજ આજના સમયની સાચી ઉપાસના છે..!!"

- નિમિત્ત માત્ર

### સંપન્ન થયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્ડની નોંધણી કરાવેલ હતી જેની કામગીરી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહેલ હતી.

આ કાર્યક્રમમાં 'મા વાત્સલ્ય' કાર્ડનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૧૨ લોકોને મા વાત્સલ્ય કાર્ડનો લાભ આપવામાં આવેલ.

આ કાર્યક્રમ દરમ્યાન બેંક એકાઉન્ટ સાથે આધાર લીંક તથા મોબાઈલ લીંક જોડાણ ૩૩૧ આપવામાં આવેલ.

ટોરન્ટ પાવર લીમીટેડ, ગાંધીનગર દ્વારા એલ.ઈ.ડી. બલ્બ અને ટ્યુબલાઈટ ૧૪૭ વેચાણ કરવામાં આવેલ.

કાર્યક્રમ દરમ્યાન સિનિયર સીટીઝન્સના કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી. જેમાં ૧૫ સિનિયર સીટીઝનોને લેમીનેશન કરી મહાનુભાવોના હસ્તે કાર્ડનું વિતરણ કરવામાં આવેલ હતુ.

કાર્યક્રમ દરમ્યાન આવકના દાખલા, જાતિ પ્રમાણપત્રો અને રેશનીંગ કાર્ડને લગતી ૩૧ સેવાઓ પુરી પાડવામાં આવેલ હતી.

કાર્યક્રમ દરમ્યાન સ્વાઈનફલુના અટકાયતી પગલાના ભાગરૂપે ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ જમાં ૫૪૭ નગરજનોએ લાભ લીધેલ.

આ કાર્યક્રમ દરમ્યાન જુદા જુદા વિભાગોને લગતી બાબતો અંગે ૧૭૬૨ અરજીઓ આવેલ હતી, જેમાંથી ૧૭૬૨ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ.

### 'રેરરિસ્તાન'... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેળવવાની લ્હાયમાં લેન્ડ ઓફ પ્યુર ટેરર બની ગયુંછે. પોતાના ટૂંકા ઈતિહાસમાં પાકિસ્તાન આતંકવાદનું પર્યાય બની ગયુંછે.'' ગંભીરે પાકિસ્તાનના મોઢે તમાચો મારતાં કહ્યું કે, ''એ વાત અદભૂત છે કે જે દેશે ઓસામા બિન લાદેન અને મુલ્લા ઉમરને શરણ આપ્યુંછે તે પોતે પીડિત છે તેવું બતાવવાનું સાહસ કરે છે.'' પ્રથમ સેક્રેટરીએ જણાવ્યું કે, ''પાકિસ્તાન એક એવું ટેરરિસ્તાન છે, જેનું આતંકવાદના વૈશ્વીકરણમાં અતુલ્ય યોગદાન છે.''

### કાસ્કરની કબુલાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૬૦ વર્ષીય કાસ્કરની તેના બે સાગરિતો સાથે ૧૮મી સપ્ટેમ્બરના દિવસે ખંડણી સાથે સંબંધિત મામલામાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસની એન્ટી એક્સટોર્શન સેલની ટીમ દ્વારા સ્થાનિક રાજકારણીઓ સાથે કાસ્કરની સાંઠગાંઠમાં પણ તપાસ ચાલી રહી છે. કાસ્કરે તપાસ અધિકારીઓને એમ પણ કહ્યું છે કે, દાઉદ તેની સાથે વાત કરવાનું ટાળે છે. કારણ કે, દાઉદને એવો ભય છે કે, ભારતમાં તેના ફોન ટેપ થઈ રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી દાઉદે તેની સાથે અથવા તો પરિવારના સંબંધીઓ સાથે વાત કરી નથી. કાસ્કરે એવો દાવો કર્યો છે કે તે અનિષ ઈબ્રાહિમ સાથે સંપર્કમાં હતો જે ભૂતકાળમાં તેના ક્રાઈમ સામ્રાજ્યને ચલાવવા દાઉદની મદદ કરી ચુક્યો છે. કાસ્કરનું કહેવું છે કે, તેના મોબાઈલ ફોન ઉપર ઈન્ટરનેશનલ નંબરથી તે તેને ફોન કરતો હતો.

